સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

**રાજ્યમાં વધુ ૧૨૯૭૮ નવા કેસ : ગાંધીનગરમાં ૩૧૫ : અમદાવાદમાં ૪૯૪૪**

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૨ | ૩ મે, ૨૦૨૧, સોમવાર; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# પશ્ચિમ બંગાળમાં દીદીની હેટ્રીક

## પશ્ચિમ બંગાળમાં ત્રીજી વખત સીએમ બનશે મમતા ● તમિલનાડુ : AIADMK-BJPની સરકાર આઉટ, આસામ : સોનોવાલ પર ફરી ભરોસા ● કેરળ : લેફ્ટ પાર્ટીઓનું એકમાત્ર સુરક્ષિત રાજ્ય ● પુદુચેરી : પ્રથમ વખત BJP ગઠબંધન બનાવી શકે છે સરકાર

નવી દિલ્હી, તા.૨

૪ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ ૨ મેના રોજ જાહેર થયા. ચૂંટણી પંચદ્વારા આસામ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ અને પુડુચેરીમાં સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ કરી દેવાઈ હતી. આ સાથે જ એ સ્પષ્ટ થઈ જશે કે રાજ્યમાં કઈ પાર્ટીની સરકાર બનશે. હાલ અલગ અલગ રાજ્યોમાં જે રીતે જોવા મળી રહ્યું છે તે મુજબ પશ્ચિમ બંગાળમાં ટીએમસીની જ્યારે અસમમાં ભાજપની વાપસી થતી જોવા મળી રહી છે. તમિલનાડુમાં સત્તાપરિવર્તન થતું જોવા મળી રહ્યું છે. કેરળમાં પણ સત્તાધારી પક્ષ સત્તા મેળવતો જણાય છે. જ્યારે પુડુચેરીમાં ભાજપ આગળ છે.

પશ્ચિમ બંગાળમાં ટીએમસી સત્તામાં પાછી ફરતી જોવા મળી રહી છે. ટ્રેન્ડમાં ટીએમસીને ૨૦૯ બેઠકો, ભાજપ+ ને ૮૦ જ્યારે કોંગ્રેસ+ ૨ બેઠક પર આગળ હતાં. જો કે રાજ્યના મુખ્યમંત્રી અને ટીએમસી સુપ્રીમો મમતા બેનર્જી જે બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે ત્યાં ભારે રસાકસી જોવા મળી રહી છે. પહેલા ભાજપના શુવેન્દુ અધિકારી ત્યાં આગળ હતાં જ્યારે બાદમાં ટીએમસીના મમતા બેનર્જીએ સરસાઈ મેળવી લીધી હતી. આ બેઠક પર જીત બંને પક્ષો માટે નાકનો સવાલ છે.

તામિલનાડુ વિધાનસભા ચૂંટણી પરિણામમાં શરૂઆતથી જ ઙ્ઘસ્દ્ઘ આગળ જોવા મળી રહી છે. જ્યારે સત્તાધારી છૈંછ્ઙ્ઘસ્દ્ઘ પાછળ છે. છૈંછ્ઙ્ઘસ્દ્ઘ+ ૮૦ બેઠકો પર જ્યારે ઙ્ઘસ્દ્ઘ+ ૧૫૩ બેઠકો પર આગળ છે. અન્ય ૧ બેઠક પર આગળ છે. ડીએમકે સમર્થકો ઉજવણીમાં મસ્ત બની ગયા છે.

અસમમાં ભાજપના નેતૃત્વવાળા એનડીએની વાપસી નિશ્ચિત જણાઈ રહી છે. જો કે કોંગ્રેસના નેતૃત્વવાળું ગઠબંધન પણ બહુ પાછળ નથી. ટ્રેન્ડ મુજબ ભાજપના નેતૃત્વવાળુ એનડીએ ૭૩ બેઠકો પર આગળ છે. જ્યારે કોંગ્રેસ+ ૫૦ બેઠકો પર આગળ છે. અન્ય ૩ બેઠક પર આગળ છે.

પુડુચેરીમાં પણ ભાજપ+ મજબૂત સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. અહીં તેઓ ૯ બેઠક પર આગળ છે. જ્યારે કોંગ્રેસ+ ૩ બેઠકો પર આગળ છે. પુડુચેરીમાં કુલ ૩૦ બેઠકો છે

કેરળમાં માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી ના નેતૃત્વવાળું સત્તાધારી જુથ રાજ્યમાં ૧૪૦ બેઠકોમાંથી ૧૦૦ બેઠકો પર આગળ છે જ્યારે કોંગ્રેસના નેતૃત્વવાળું જુથ ૪૦ બેઠકો પર આગળ છે. ભાજપ+ ૦ બેઠકો પર આગળ છે.

૫ રાજ્યોમાં સવારે ૮ના ટકોરે મતગણતરી શરૂ થઈ ગઈ હતી. સૌથી પહેલા પોસ્ટલ બેલેટની ગણતરી કરવામાં આવી હતી.ત્યારબાદ ઈવીએમની મતગણતરી શરૂ કરાઈ હતી. રવિવારે થયેલી મતગણતરી માટે ચૂંટણે પંચે અગાઉથી જ તૈયારીઓ પૂર્ણ કરી લીધી હતી. કાઉન્ટિંગ દરમિયાન તમામને કોવિડ ૧૯ મહામારીથી બચવા માટે જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનનું પાલન કરવાની સલાહ આપી હીત. ચૂંટણી પંચે એક રૂમમાં મતગણતરી માટે ૭ ટેબલની પરવાનગી આપી હતી.





### મમતાની સામે સુભેન્દુ અધિકારીની જીત

પશ્ચિમ બંગાળ સહિત ૪ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશના યોજાયેલી ચૂંટણીના પરિણામો આવી આવી રહ્યાં છે. ટ્રેન્ડ પ્રમાણે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીને શાનદાર જીત મળી રહી છે. પરંતુ નંદીગ્રામ સીટ પર મમતા બેનર્જીએ હારનો સામનો કરવો પડ્યો છે. ભાજપના નેતા સુભેંદુ અધિકારીએ તેમને ૧૬૨૨ મતે પરાજય આપ્યો છે. નંદીગ્રામ સીટ પર મમતા બેનર્જી અને સુભેંદુ અધિકારી વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી. કાઉન્ટિંગ દરમિયાન ક્યારેક મમતા બેનર્જી તો ક્યારેક અદિકારી આગળ રહ્યા હતા. પરંતુ અંતમાં પાસુ પલટી ગયું અને મમતા બેનર્જીએ હારનો સામનો કરવો પડ્યો છે.

### બંગાળમાં વિજય બાદ પ્રશાંત કિશોરની સંન્યાસની જાહેરાત

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીના ચૂંટણી રણનીતિકાર રહેલા પ્રશાંત કિશોરે ચૂંટણી મેનેજમેન્ટનું પ્રોફેશન છોડવાનો નિર્ણય કર્યો છે. બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામ રવિવારે સામે આવ્યા બાદ પીકેએ આ જાહેરાત કરી છે. તેમણે કહ્યુ કે, તે હવે કંઈક બીજુ કરવા ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે તેમણે મમતા બેનર્જીની પાર્ટીની ચૂંટણી રણનીતિ તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેની મદદથી મમતા બેનર્જી ફરી સત્તામાં વાપસી કરી રહ્યા છે.

## થોડો દિવસમાં પાછો આવીશ ભારત : દેશમાં વેક્સિનનું ઉત્પાદન ફુલ સ્પીડમાં : પૂનાવાલા

### બ્રિટનમાં પોતાના પાર્ટનરો-તમામ પક્ષોની સાથે બેઠક થઈ

નવી દિલ્હી,તા.૨

સીરમ ઈન્ટિસટ્યૂટ ઓફ ઈન્ડિયાના મુખ્ય કાર્યકારી અધિકારી અદાર પૂનાવાલાએ કહ્યું છે કે તેઓ થોડા દિવસમાં લંડનથી ભારત આવશે. પૂનાવાલાએ ભારતમાં કોરોના વાયરસ મહામારીની બીજી ખતરનાક લહેરના કારણે કોરોના વેક્સીનની વધેલી માંગ અને તેના કારણે ઉત્પાદન પર વધી રહેલા દબાણ વિશે વાત કહી. ત્યારબાદ તેઓએ ભારત પરત ફરવાની ઘોષણા પણ કરી. પૂનાવાલાએ એક ટ્વીટ કર્યું, બ્રિટનમાં પોતાના તમામ પાર્ટનરો અને તમામ પક્ષોની સાથે સારી બેઠક થઈ. આ દરમિયાન એ જણાવતા ખુશી થઈ રહી છે કે પુણેમાં કોવિશીલ્ડનું ઉત્પાદન ફુલ સ્પીડમાં ચાલી રહ્યું છે. થોડાક દિવસોમાં પરત ફરતા હું કામની સમીક્ષા કરવા માટે ઉત્સાહિત છું. સરકારી સુરક્ષા આપ્યા બાદ પોતાની પહેલી ટિપ્પણીમાં પૂનાવાલાએ લંડનના અખબાર ધ ટાઈમ્સ સાથે વાતચીતમાં શનિવારે કહ્યું હતું કે કોવિશીલ્ડ વેક્સીનની આપૂર્તિની માંગને લઈને ભારત સૌથી શક્તિશાળી લોકોમાંથી કેટલાક લોકોએ તેમની સાથે ફોન પર ઉગ્રતાપૂર્વક વાતો કહી છે.



# દેશમાં ૩.૯૨ લાખ નવા કેસ

### ભારતમાં એક દિવસમાં ૩૬૮૯ના કોરોના સામેની જંગમાં મોત થયા : એક્ટિવ કેસની સંખ્યા 33 લાખને પાર થઈ ગઈ : કોરોનાને હરાવીને સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧૫૯૯૨૨૭૧ થઈ ગઈ છે, જ્યારે ફેટલિટી રેટ ઘટીને ૧.૧૦% પર આવ્યો છે



નવી દિલ્હી,તા.૨

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે શનિવારે ભારતમાં કોરોનાના કારણે વધુ ૩,૬૮૯ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે, જેની સાથે કુલ મૃત્યુઆંક ૨,૧૫,૫૪૨ પર પહોંચી ગયો છે. જ્યારે વધુ ૩,૯૨૪૮૮ દર્દીઓ કોરોના પોઝિટિવ આવતા કુલ દર્દીઓની સંખ્યા ૧,૯૫,૫૭,૪૫૭ પર પહોંચી ગઈ છે. સવારે ૮ વાગ્યે અપડેટ કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૩ લાખને પાર કરી ગઈ છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૩૩,૪૯,૬૪૪ થઈ ગઈ છે, જે કુલ કેસની સામે ૧૭.૧૩% છે, જ્યારે દેશમાં કોરોનાથી સાજા થતા દર્દીઓનો રિકવરી રેટ ૮૧.૭૭% છે. કોરોનાને હરાવીને સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૧,૫૯,૯૨,૨૭૧ થઈ ગઈ છે. જ્યારે ફેટલિટી રેટ ઘટીને ૧.૧૦% પર આવ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ૭૦% મૃત્યુ એવા છે કે જેઓ કોરોનાની સાથે અન્ય ગંભીર બીમારીઓથી પીડાતા હતા.

ભારતમાં કોરોના વાયરસના લીધે કુલ ૨,૧૫,૫૪૨ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં ૬૯,૬૧૫ મોત મહારાષ્ટ્રમાં નોંધાયા છે.

## ઓરિસ્સામાં ૧૪ દિવસનું સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત

**૫મી મેથી આદેશ લાગૂ થશે : સવારે ૭ વાગ્યાથી માંડીને બપોરે ૧૨ વાગ્યા સુધી લોકો પોતાના ઘરોમાંથી ૫૦૦ મીટરના દાયરામાં નિકળી શકશે : જરૂરી સેવામાં છૂટ**

નવી દિલ્હી,તા.૨

દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે તમામ પ્રયત્નો છતાં વાયરસની ગતિ પર લગામ લાગી રહી નથી. દેશના અલગ અલગ ભાગમાં કોરોનાની ગતિને રોકવા માટે થઈ રહેલા પ્રયત્નો વચ્ચે હવે ઓડિશા સરકાર એ પણ સ્થિતિ પર કાબૂ મેળવવાનો નિર્ણય લીધો છે. ઓડિશા સરકારે ૫ મેથી પ્રદેશમા ૧૪ દિવસના કંપ્લીટ લોકડાઉનની જાહેરાત કરી છે. સરકારનો આ આદેશ ૫મેથી લાગૂ થશે. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ દરમિયાન જરૂરી સેવાઓ, હેલ્થ સેવાઓને જ છૂટ મળશે. તો બીજી તરફ સવારે ૭ વાગ્યાથી માંડીને બપોરે ૧૨ વાગ્યા સુધી લોકો પોતાના ઘરોમાંથી ૫૦૦ મીટરના દાયરામાં નિકળી શકશે. જેથી રોજિંદા જરૂરિયાતની વસ્તુઓની વ્યવસ્થા કરી શકે.

## દેશમાં ઓક્સિજન-દવાઓ મુદ્દે વડાપ્રધાને સમીક્ષા કરી

### મોદીએ કોરોના મહામારીના સંબંધમાં અને તેના વધવાના સંબંધમાં માનવ સંસાધન સ્થિતિની પણ સમીક્ષા કરી હતી

નવી દિલ્હી, તા. ૨

દેશમાં કોરોનાની બીજી લહેરથી સ્થિતિ સતત બગડી રહી છે. આ વચ્ચે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી (દ્બટ્ઠીહઙ્ઘટ્ઠિ ર્દ્બઙ્ઘૈ) એ તેને લઈને મહત્વની બેઠક યોજી છે. સમાચાર એજન્સી એએનઆઈ પ્રમાણે પીએમ મોદીની આ બેઠક સવારે ૯.૩૦ કલાકે શરૂ થઈ હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રીએ કોરોનાની સ્થિતિ મુદ્દે નિષ્ણાંતો સાથે વાત કરી હતી.

દેશભરમાં ઓક્સિજન અને દવાઓની ઉપલબ્ધતાની સમીક્ષા કરવા માટે પ્રધાનમંત્રી મોદીએ નિષ્ણાંતો સાથે બેઠક કરી ચર્ચા કરી. સમાચાર એજન્સી એએનઆઈ પ્રમાણે પ્રધાનમંત્રી મોદી કોવિડ-૧૯ મહામારીના સંબંધમાં અને તેના વધવાના સંબંધમાં માનવ સંસાધન સ્થિતિની પણ સમીક્ષા કરી હતી.

ભારત સરકારના સૂત્ર પ્રમાણે આ બેઠકમાં ઘણા મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.

## આજથી હરિયાણામાં એક સપ્તાહનું લૉકડાઉન અમલી

ચંડીગઢતા.૨

હરિયાણામાં કોરોના વાયરસનો પ્રકોપ સતત વધી રહ્યો છે. કોરોનાની ચેન તોડવા માટે હરિયાણા સરકારે રાજ્યભરમાં લૉકડાઉન લગાવવાની જાહેરાત કરી છે. સરાકેર કહ્યું કે, ૩ મેથી રાજ્યમાં ૭ દિવસનું લૉકડાઉન લાગૂ થશે. તો ઓડિશા સરકારે પણ રાજ્યમાં ૧૪ દિવસનું લૉકડાઉન લાગૂ કર્યું છે. ગૃહમંત્રી અનિલ વિજે જણાવ્યુ કે, ૩ મે સોમવારથી સાત દિવસ માટે હરિયાણામાં પૂર્વ લૉકડાઉન જાહેર કરવામાં આવી રહ્યું છે. આ પહેલા સરકારે ગુરૂગ્રામ અને ફરીદાબાદ સહિત ૯ જિલ્લામાં વીકેન્ડ લૉકડાઉનનો નિર્ણય કર્યો હતો. હરિયાણામાં ૩૦ એપ્રિલે રાત્રે ૧૦ કલાકથી ૩ મે સવારે પાંચ કલાક સુધી લૉકડાઉનની જાહેરાત થઈ હતી.

## કોરોનાનું તાંડવ રોકવા રાષ્ટ્રવ્યાપી લૉકડાઉન જરૂરી : કોરોના ટાસ્ક ફોર્સ

ન્યુ દિલ્હી,તા.૨

કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેરે આખા દેશમાં કોહરામ મચાવી દીધો છે. દરરોજ કોરોનાના નવા કેસો રેકૉર્ડ તોડી રહ્યા છે. શુક્રવારની વાત કરીએ તો કોરોનાના નવા કેસોનો આંકડો ૪ લાખના આંકડાને પણ પાર કરી ગયો છે. કોરોનાના વધતા કેસોને જોતા કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના સભ્યોએ કેન્દ્ર સરકારથી રાષ્ટ્રીય લોકડાઉન લગાવવાની અપીલ કરી છે. દેશમાં અત્યારે કોરોના સંક્રમણમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ખતરનાક છે. કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સ પ્રમાણે કોરોના ઝડપથી પોતાનું રૂપ બદલી રહ્યો છે, જેના કારણે કોરોના પર કાબૂ મેળવવો મુશ્કેલ થઈ ગયો છે. ટાસ્ક ફોર્સે ભારપૂર્વક કહ્યું છે કે જો આ જ રીતે કોરોનાના કેસો વધતા રહ્યા તો દેશમાં સ્વાસ્થ્ય માળખુ સંપૂર્ણ રીતે તૂટી જશે. ઉલ્લેખનીય છે કે ભારતમાં શનિવારના ૪.૦૧ લાખથી વધારે કેસ સામે આવ્યા, જ્યારે ૩,૫૨૩ લોકોના મોત થયા. કોવિડ ટાસ્ક ફોર્સમાં એમ્સ અને આઈસીએમઆર જેવા પ્રમુખ સ્વાસ્થ્ય સંસ્થાઓના નિષ્ણાતો સામેલ છે.

### દુઃખદ અવસાન



અમારા પૂજ્ય પિતાશ્રી

**રમેશભાઇ ગોરધનદાસ જોષી**

(મુ. દાઠા, હાલ-ગાંધીનગર)નું

તા. ૨-૫-૨૦૨૧ના રોજ દેવલોક પામ્યા છે.

વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સદ્‌ગતનું સામાજિક બેસણું તેમજ લૌકિકક્રિયા રાખેલ નથી.

કોકિલાબેન રમેશભાઇ જોષી
જતીન રમેશભાઇ જોષી (પુત્ર)
મો.: 9825297978

હિના તલાજીયા (પુત્રી)
જીજ્ઞા ભાસ્કરભાઇ ભટ્ટ (પુત્રી)

FIGHT CORONA

Maunil Shah
M. 90998 72551

Sanitization & Disinfection

સેનેટાઇઝ સર્વિસ

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઇઝર સ્પ્રે થી ક્વોરનટાઇન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

Portable Oxygen Cans Available For Emergency use

All COVID Fight Products Available